જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૧૦/૨૦૨૧ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૮૧૩/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૭૭ | ૦ | ૧૧૬૭૭ | ૧૭૭૮૮ | ૦ | ૧૭૭૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૪ | ૦ | ૧૧૪ | ૩૯૩ | ૦ | ૩૯૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૨૦૯૭ | ૪૧ | ૭૨૧૩૮ | ૭૩૧૧૪ | ૪૧ | ૭૩૧૫૫ |
| કુલ | | ૮૮૬૨૧ | ૪૧ | ૮૮૬૬૨ | ૯૭૫૭૭ | ૪૧ | ૯૭૬૧૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૭ | ૪,૬૩,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૮૫ | ૭,૮૫,૦૦૦/- |

# પાસા અટકાયતીની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલકત સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાહિત પ્રવૃત્તિ કરતા આરોપી વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે મિલકત સબંધી ગુનાઓમાં સંકળાયેલ આરોપી કમલેશ ઉર્ફે છોટુ અશોકભાઇ દંતાણી ઉ.વ.૨૫ રહે-બ્લોક નં.૨૦/૬૨૧ વિજયમીલ ઔડાના મકાન, વિજયમીલ નેળીયામાં, નરોડા રોડ અમદવાદ શહેર નાને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૫૩૨/૨૦૨૧ તા.૦૪/૧૦/૨૦૨૧ આધારે પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૩૩૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૧**

**કૃષ્ણનગરઃ** સરીતાબહેન વા/ઓ જીતેન્દ્રભાઈ તલોટા (ઉ.વ.૩૦) (રહે. કમલેશ કોલોની પ્રકાશ હિન્દી સ્કુલની બાજુમાં વિજયપાર્ક બી.આર.ટી.એસ. સામે કૃષ્ણનગર) તા.૦૩/૧૦/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સોસાયટીની ગલીમાંથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ સરીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સરીતાબહેન તલોટાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરિયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૧**

**ખોખરાઃ** ભવનીલ અશોકભાઇ પટેલ (રહે. ભક્ત પ્રહલાદ સોસાયટી ભાઇપુરા સામે હાટકેશ્વર ખોખરા) એ તા.૦૩/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ઇકો ગાડી નંબર જીજે ૨૭ ડીએચ ૪૫૮૭ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૪/૧૦/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભવનીલ પટેલે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૨૦૨૧**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ રોડ અદાણી પ્રથમ ફ્લેટ ખાતે ભાડાના મકાનમાં રહેતા દીપાબહેન રાજેશકુમાર રાજપુત (ઉ.વ.૨૫) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૪/૧૦/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**રામોલઃ** બિરેન્દ્રસિહ ચન્દ્રેશસિહ ચૌહાણ (ઉ.વ.૬૫) (રહે. દેવનંદન સુપ્રીમ્સ ક્રિસ્ટલ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ બિમારીથી કંટાળી તા.૦૪/૧૦/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના પાંચમાં માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

**નારોલઃ** અંજલી ડો/ઓ નીરજકુમાર શાક્ય (ઉ.વ.૧૭) (રહે.કાર્તીકનગર હાઈ-ફાઈ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.